વડીલોને વંદન અભિનંદન

કુસુમબાળા ચંદ્રકાન્ત ત્રિવેદી
(૧૯૩૮) ફોન: ૨૩૨૪૦૦૬૦

સરકારી વિનયન કોલેજમાં નાટક ભજવાયું

સરકારી વિનયન કોલેજ, ગાંધીનગરના ગુજરાતી વિભાગ દ્વારા વાકાણી નાટ્ય સંસ્થાના સહયોગથી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ લિખિત અને ભીમ વાકાણી દિગ્દર્શિત 'બુદ્ધદેવ' નાટક સરકારી વાણિજ્ય કોલેજના મહાત્મા હોલમાંતા. ૧૧-૨-૧૪ના રોજ ૧૨.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમ્યાન ભજવવામાં આવ્યું હતું. જેમાં યશોધરાના પાત્ર તરીકે ખુશાલી વાકાણીએ સરસ અભિનય કર્યો હતો. આ ઉપરાંત તમામ પાત્રોએ અભિનય દ્વારા વિદ્યાર્થીઓને મુગ્ધ કરી દીધા હતા. વિદ્યાર્થીઓ સાથે સમગ્ર કોલેજ પરિવારે પણ રંગભૂમિના નાટકને માણ્યું હતું.

શહેરમાં શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

વિશ્વ કલ્યાણ મિશન ટ્રસ્ટ હરિદ્વાર દ્વારા શ્રીમદ ભાગવત કથા આગામી તા. ૧૩થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન સેકટર-૧૧ના રામકથા મેદાન ખાતે રાષ્ટ્રીય સંત-હરિદ્વારવાળા ચિન્મયાનંદ બાપુની વ્યાસપીઠે યોજવામાં આવશે. કથામાં મોટી સંખ્યામાં સાધુ-સંતો, સામાજીક અગ્રણીઓ, મંત્રીઓ સમયાંતરે ઉપસ્થિત રહેશે. શહેરીજનોને મોટી સંખ્યામાં ભાગ લેવા સંયોજક વિપુલ ઠાકર દ્વારા જણાવાયું છે.

મહેસાણા જિલ્લામાં મહિલા સંમેલન યોજાશે

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લા પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે ૧૪ ફેબ્રુઆરી શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે મહિલા સંમેલન યોજાનાર છે. જેમાં માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ અને મુખ્યમંત્રીશ્રીનું વિડીયો કોન્ફરન્સ દ્વારા જીવંત પ્રસારણ થનાર છે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવો પણ હાજર રહેનાર છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા પ્રોગ્રામ અધિકારી આઈ.સી.ડી.એસ. સેલે જિલ્લા પંચાયતે નિમંત્રણ પાઠવેલ છે.

ધો. ૩-૪ના બાળકોને હવે અંગ્રેજી ભણાવાશે

ગુજરાતી માધ્યમના ધો. ૩-૪ના બાળકોને આવતા વર્ષથી અંગ્રેજી ભણાવાશે : નવી પદ્ધતિ તૈયાર કરાવાઈ

ગાંધીનગર, તા. ૧૧

અંગ્રેજીનું મહત્વ દિનપ્રતિદિન વધી રહ્યું છે. આ સંજોગોમાં આગામી વર્ષથી ધો. ૩-૪ના બાળકોને અંગ્રેજી ભણાવવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. અંગ્રેજી શીખવવા માટે નવી પદ્ધતિ વિકસાવવામાં આવી છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી વર્ષથી અમલી બને તે રીતે ગુજરાતી માધ્યમના ધો. ૩ અને ૪ના બાળકોને અંગ્રેજી વિષય ભણાવવાનો નિર્ણય લેવાયો છે. આ માટે ધો. ૩ થી ૪ અંગ્રેજી વિષય ભણાવવા માટે નવી પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે. સામાન્ય રીતે ધો. ૫ થી ગુજરાતી માધ્યમના બાળકોને અંગ્રેજી ભણાવવાની શરૂઆત કરાવવામાં આવે છે. હવે પછી સમયની માંગ અનુસાર ધો. ૩ થી ૪ અંગ્રેજી ભણાવવાની શરૂઆત કરવામાં આવશે.

વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓને જ્યારે અંગ્રેજીની પરીક્ષા આપવાની થાય છે ત્યારે તેઓ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની તુલનાએ ઘણા પાછળ રહી જાય છે. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ અંગ્રેજીની ખુબ જરૂર પડે છે. ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું સ્તર નબળુ હોવાના કારણે ગુજરાતી ઉમેદવારો ઘણા પાછળ રહી જાય છે. અન્ય રાજ્યોની તુલનાએ ગુજરાતના વિદ્યાર્થીઓ પાછળ રહેતા હોવાનું એક કારણ એ પણ છે કે તેમનું અંગ્રેજી નબળુ અને કાચુ છે. ગુજરાતી માધ્યમના બાળકોનું અંગ્રેજી સારૂ થઈ શકે તે માટે હવેથી ધો. ૩ થી તે ભણાવવાનો નિર્ણય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા અંગ્રેજી વિષય માટે તૈયાર કરવામાં આવેલી પદ્ધતિ મુજબ ક્લાસરૂમમાં બાળકો અંગ્રેજી શબ્દો અને વાકયો સાંભળી શકે તે માટે ઓડિયો સિસ્ટમ તથા અંગ્રેજી વાંચી, બોલી અને લખી શકે તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત કાઉન્સિલ એજ્યુકેશનલ રિસર્ચની ટીમ દ્વારા ધો. ૩ અને ૪ના બાળકોને અંગ્રેજી શીખવવાની સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે.

આખરે અઠવાડીયા પછી પ્રાંતિજ પોલીસે જૂથ અથડામણની ફરિયાદ નોંધી

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજમાં નજીવી બાબતે અઠવાડીયા પહેલા થયેલા બે જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. જેની આજે પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુના અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ સ્ટેટ બેંક પાસે ચોકમાં કેટલા મુસ્લીમ બાળક રમતા હતા અને ઉંચા અવાજે શોર કરતા હતા. આથી સામેના મકાનમાં રહેતા મકાન માલિક દ્વારા બાળકોને શાંતિથી રમવા ઠપકો આપ્યો હતો. પરિણામે મુસ્લીમ સમાજના મોટા લોકો બાળકોનું ઉપરાણું લઈ દોડી આવ્યા હતા અને નજીવી બાબતે સામાન્ય બોલાચાલી બાદ ઝઘડાએ મોટુ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં બે શખ્સોને ગંભીર ઈજાઓ થતા આખરે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અને અંતે એક અઠવાડીયા બાદ આજે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજનો રજત જયંતી મહોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ (રાજ્યકક્ષા)ની સંસ્થાને ૨૫ વર્ષ પૂરા થતાં રજતજયંતી મહોત્સવ અમદાવાદ ખાતે અત્યંત ઉત્સાહ અને ઉમંગપૂર્વકના વાતાવરણમાં સંપન્ન થયો હતો. રજતજયંતી મહોત્સવના અધ્યક્ષસ્થાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી રમણલાલ વોરાએ ગુજરાત ગરૂ બ્રાહ્મણ સમાજ સમાજહિતના કાર્યોમાં પ્રવૃત્ત રહીને રાજ્યના વિકાસમા યોગદાન આપી રહ્યો છે, તેમ જણાવી સમાજની ઉત્કર્ષને વિવિધ રજૂઆતો પ્રત્યે યોગ્ય પ્રતિભાવ આપી સંવેદનશીલતા સાથે નક્કર પ્રયાસો કરવાની ખાત્રી ઉચ્ચારી હતી.

સમાજદર્શન (સ્મરણિકા)નું વિમોચન કરતાં સુપ્રસિદ્ધ ચિંતક સંત શ્રી સ્વામી સચ્ચિદાનંદજીએ જણાવ્યું કે, વર્ષોથી વંચિત સમાજને ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે હિન્દુ સમાજમાં સાચવ્યો છે. વંચિત વર્ગોમાં ધર્મને પુરેપુરો સાચવવાનું યશ ગરૂ બ્રાહ્મણ સમાજને જ મળવો જોઈએ તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

રાજ્યસભાના સભ્ય અને સંત સવૈયાનાથ સંસ્થાન, ઝાંઝરકાના ગાદીપતિ પૂ. શંભુનાથજી મહારાજે રજતજયંતી મહોત્સવની હાર્દિક શુભેચ્છા પાઠવી સંસ્થાની સાતત્યપૂર્ણ સમાજસેવા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સંસદસભ્ય કિરીટભાઈ સોલંકી અને ધારાસભ્ય શ્રી મણીભાઈ વાઘેલાએ ગુરૂ બ્રાહ્મણ સમાજની પ્રત્યેક વ્યક્તિ આત્મનિર્ભર બને, શૈક્ષણિક ક્ષેત્રમાં વધુ ને વધુ વિકાસ થાય તે બાબત પર ભાર મુકીને આયોજકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. સેન્ટ્રલ યુનિવર્સિટી, ગુજરાતના ઉપકુલપતિ પ્રો. આર.કે. કાલે, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામક શ્રી આર.એમ. જાદવ, મહિલા અને બાળ વિકાસ સમિતિ, અ.મ્યુ.કો.ના શ્રીમતી સવિતાબેન શ્રીમાળીએ રજતજયંતી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ સંસ્થાના પ્રમુખ બી.કે. શ્રીમાળીએ સંસ્થાની સ્થાપનાની ૨૫ વર્ષની લાંબી મઝલની ઝાંખી આપી સમાજનું ઘણું બધું ઋણ આપણા શિરે છે તે ઋણ અદા કરવાની આપણા સૌની ફરજ છે તેમ જણાવી સમાજની એકતા અને સંગઠન માટે નિઃસ્વાર્થ ભાવે સહયોગી બનવા સમાજબંધુઓને હાંકલ કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સ્વામી તેજાનંદ સંસ્થાન, ઝીંઝુવાડાના મહંત શ્રી દયારામ શુકલ, શિવશક્તિ આશ્રમ, વનાળા-જસદણના મહંત શ્રી મહેન્દ્ર મહારાજ, અતિપછાત વિકાસ બોર્ડના ડીરેક્ટર શ્રી પ્રવિણભાઈ પંડ્યા, હંસાબેન શ્રીગોડ, અગ્રણી શ્રી સી.એન. જઓપી અને શ્રી ટી.ડી. ધામેલ, શ્રી ડી.કે. દવે સહિત સંસ્થાના હોદ્દેદારો અને જ્ઞાતિબાંધુઓ રાજ્યભરમાંથી ઉમટી પડ્યા હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત એલ.આર.રાવ ડી.એલ.એડ્.કોલેજ ઝોન કક્ષાનો રમતોત્સવમાં પ્રથમ ક્રમે ઉતીર્ણ થયેલ છે. સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર સાબર સ્ટેડીયમમાં યોજાયેલ સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને કચ્છનો ઝોન કક્ષાનો રમતોત્સવ વર્ષ ૨૦૧૩-૨૦૧૪નો કાર્યક્રમ ગુરૂવારના રોજ યોજાયો હતો. ઝોન કક્ષાના રમતોત્સવમાં ભિલોડા એલ.આર.રાવ.ડી.એલ. એડ્. કોલેજની ખો-ખો સ્પર્ધામાં બહેનોની ટીમમાં ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધારેલ છે. પી.ટી.આઈ.વનરાજભાઈ ડામોર, રમેશભાઈ વરસાત, નિલમબેન પ્રજાપતીના માર્ગદર્શન હેઠળ સુંદર પ્રદર્શન કરી તાલિમાર્થી બહેનોએ ભિલોડા એલ.આર.રાવ ડી.એલ.એડ્. કોલેજનું ગૌરવ વધારેલ છે. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, ટ્રસ્ટી મિતુલભાઈ બ્રહ્મભટ્ટ, દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ, ભિલોડા એલ.આર.રાવ ડી.એલ.એડ્. કોલેજ પ્રિન્સિપાલ ટી.કે.પરમાર તેમજ સ્ટાફ પરીવારે તાલિમાર્થી બહેનોએ મેળવેલ સિધ્ધી બદલ પ્રોત્સાહિત કરી બિરદાવ્યા હતા.

ડીએસઓ દ્વારા સેમિસ્ટર પદ્ધતિના વિરોધમાં ગુજરાત કોલેજમાં નાટકનું આયોજન કરવામાં આવ્યુ હતુ

અંગ્રેજી માધ્યમના ધોરણ-૮ના પાઠ્યપુસ્તકમાં ખોટી માહિતી

ગાંધીજીની પુણ્યતિથિના મામલે ખોટી માહિતી પ્રકાશિત

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દેશના ઈતિહાસ વિશે ખોટા નિવેદનોના કારણે ચર્ચાનું કેન્દ્ર રહે છે ત્યારે હવે ગુજરાતના બાળકોને પણ ઈતિહાસના જ્ઞાનમાં કાચા રહી જાય તેવો ઘાટ સર્જાયો છે. કારણ કે અંગ્રેજી માધ્યમના ધોરણ-૮ના સામાજિક વિજ્ઞાન વિષયના પુસ્તકમાં ગાંધીજીની પુણ્યતિથી જ ખોટી છપાઈ છે.

દેશના ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ વિદ્વાનોમાં એક ગણાતા ચાણક્યએ કહ્યું હતું કે જે દેશના લોકોને તેમનો ઈતિહાસ ખબર નથી હોતી, તે દેશનું ભુગોળ બદલાતા વાર નથી લાગતી. પરંતુ ચાણક્યનું આ વિધાન અત્યારે ક્યાંય ગ્રંથોમાં ખોવાઈ ગયું છે. કારણ કે જેમના શિરે બાળકોને ઈતિહાસથી માહિતગાર કરાવવાની જવાબદારી છે તેવો રાજ્ય સરકારનો શિક્ષણ વિભાગ જ વિદ્યાર્થીઓને ખોટો ઈતિહાસ ભણાવી રહ્યો છે. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત કરાયેલ અંગ્રેજી માધ્યમના ધોરણ-૮ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં આ છબરડો સામે આવ્યો છે. આ પાઠ્યપુસ્તકમાં પાઠ નંબર ૭નું નામ છે મહાત્મા ગાંધી પાર્ટ-૧ પરંતુ આ પાઠમાં ગાંધીજીની પુણ્યતિથી ૩૦ જાન્યુઆરીની જગ્યાએ ૩૦મી ઓક્ટોબર છાપી દેવામાં આવી છે. વિચાર્યા જેવી વાત તો એ છે કે જે પાઠ્યપુસ્તક મંડળને દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પુણ્યતિથીની ખબર નથી તે પાઠ્યપુસ્તક મંડળ ઈતિહાસથી માહિતાગર તેવા દેશના ભાવિ નાગરીકોનું નિર્માણ ક્યાંથી કરશે. તે એક પ્રશ્ન છે અને જે દેશના નાગરીકો પોતાના ઈતિહાસથી અજાણ હશે તે દેશનો ભુગોળ ક્યાંથી અકબંધ રહેશે તે બીજો પ્રશ્ન છે.

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા હોમિયોપેથીક ચિકિત્સાલયનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૯, ક-૧૩૯ ખાતે એક હોમિયોપેથીક ચિકિત્સાલયનો શુભારંભ થઈ રહ્યો છે.

ડૉ. એન. જે. મેઘાણી, એમ.ડી., પીએચ.ડી. હોમિયોપેથિક દર બીજા તથા ચોથા ગુરૂવારે સવારે ૭.૩૦થી ૧૨.૩૦ સુધી ગાંધીનગરની જનતાને માનદ્ સેવાઓ આપશે. ડૉ. મેઘાણી વિશ્વકક્ષાએ હોમિયોપેથીક વિષયના જાણીતા ડૉક્ટર છે તેમની અમૂલ્ય સેવાનો લાભ લેવા ગાંધીનગરની જનતા લઈ શકશે.

આ ચિકિત્સાલય ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના સહયોગથી થનાર છે. જેનો શુભારંભ આવતીકાલે તા. ૧૩-૨-૧૪ના રોજ સવારે ૮ કલાકે થનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા અને લાભ લેવા માટે પરિષદ દ્વારા વિનંતી કરવામાં આવેલ છે.

NEWS બિટ્સ

ભરૂચની બેઠક પરથી અહેમદ પટેલ ચૂંટણી નહી લડે

આગામી લોકસભાની ચૂંટણી

ધીમે ધીમે ચર્ચાસ્પદ બની રહી છે. આ સંજોગો વચ્ચે છેલ્લા ઘણા સમયથી એવી અટકળો વહેતી થઈ હતી કે આ વખતે ભરૂચ લોકસભાની બેઠક પરથી કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતા અહેમદ પટેલ કે એમના પુત્ર ફૈસલ પટેલ ઝંપલાવશે. પરંતુ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર અહેમદ પટેલ કે તેમના પરિવારના કોઈ સભ્ય આગામી ચૂંટણીમાં ઝંપલાવશે નહીં. રાષ્ટ્રીયસ્તરે પક્ષની અને સંગઠનની મોટી જવાબદારી સંભાળતા હોવાથી તેઓએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી છે.

સૌથી વધુ પ્રદુષિત નદિઓ ગુજરાત-મહારાષ્ટ્રમાં

પર્યાવરણ અને વનમંત્રી એમ. વીરપ્પા મોઈલે તાજેતરમાં લોકસભામાં એક સભ્યના પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે દેશમાં સૌથી વધુ પ્રદૂષિત નદીઓ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે. મહારાષ્ટ્રમાં ૨૮ અને ગુજરાતમાં ૧૯ નદીઓ પ્રદુષિત છે. ગુજરાતમાં અંબિકા, સાબરમતી, તાપી સહિત ૧૯ નદીઓ પ્રદુષિત છે.

રૂ. ૧૦ના મૂલ્યની પ્લાસ્ટીકની નોટ ટુંક સમયમાં ચલણમાં

આગામી છ મહિનામાં રૂ. ૧૦ના મૂલ્યની ૧૦૦ કરોડની પ્લાસ્ટિકની ચલણી નોટ ચલણમાં આવશે. દેશના પાંચ શહેરોમાં તેમની ભૌગોલિક અને આબોહવાની વિવિધતાના આધારે પ્રાયોગિક ધોરણે ૧૦ રૂ.ની ચલણી નોટ અમલમાં આવશે. આ પાંચ શહેરોમાં કોચી, મૈસુર, જયપુર, સીમલા અને ભુવનેશ્વરનો સમાવેશ થાય છે.

દલિતો પર અત્યાચારોના બનાવ ગુજરાતમાં વધ્યા છે

કોંગ્રેસ વિધાનસભા પક્ષના પ્રવક્તા શૈલેષ પરમારના મોદી સામે પ્રહાર : દલિત સમાજની ઉપેક્ષાનો પણ સીધો આક્ષેપ

રાજ્યમાં દલિતો પર વધી રહેલા અત્યાચારની સામે ગુજરાતની ભાજપ સરકાર ઉદાસીન વલણ દાખવે છે બીજી બાજુ અન્ય રાજ્યમાં જઈ મુખ્યમંત્રી દલિત હિતોની વાત કરે છે. ભાજપના બે ચહેરાને ખુલ્લો પાડતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના પ્રવક્તા ધારાસભ્ય શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર પક્ષની સ્થાપનાથી આજદિન સુધી હંમેશા દલિત વિરોધી વિચારધારાને જાળવી રાખી છે. જ્યારથી ભાજપ ગુજરાતમાં સત્તાના સુત્રો સંભાળ્યા ત્યારથી દલિતો પરના અત્યાચારો અને તેમને મળવાપાત્ર બંધારણીય હક્કોને અનદેખી કરી, દલિત સમાજની ઉપેક્ષા કરે છે. હવે જ્યારે લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીને ભાજપના પીએમ ઉમેદવાર બનવાથી સમસ્ત ભારતની પ્રજાને દેખાડો કરવા અને દલિત પ્રત્યે નકલી લાગણી પ્રેમ ઉભરાય છે તેવો નકલી ચહેરો અને શબ્દોનું નાટકીય પ્રસ્તુતિકરણ કરી રહ્યા છે. તેઓ બંધારણને અનુસરવાનું શરૂ કર્યું હોય તો, તેમને જણાવેલ દલિતો સાથે કરેલા વિવિધ દુષ્કૃત્ય કરનારાઓ સામે તાત્કાલીક અસરકારક પગલાંભરે. વિધાનસભા કોંગ્રેસપક્ષના પ્રવક્તા શૈલેષ પરમારે વધુમાં જણાવ્યું હતું કે દેશના દલિતો સમક્ષ શબ્દોથી ભરમાવવાનું બંધ કરી, પહેલા ગુજરાતના દલિતોને થયેલા અન્યાય માટે, દલિત કુટુંબો અને સમાજની માફી માંગે. ભૂતકાળમાં બનેલી ઘટનાઓ (૧) સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના શેખપર ગામે તા. ૩૧-૫-૧૩ના રોજ સવારે ૮-૯ના સુમારે ગામના ઉજળીયાત માથાભારે લોકોએ જુની અદાવત રાખીને સદર ગામના પૂર્વ સરપંચ એવા દલિત આગેવાન ચોલકી ચતુરભાઈ શિવાભાઈ ઉપર કેરોશીન છાંટી દિવાસળી ચાંપીને જીવતા સળગાવી મારેલ. (૨) અમદાવાદ મહાનગરપાલિકા અમુલ ડેરીના દરવાજા આગળ તા. ૨૪-૬-૧૩ના રોજ સાંજે ૬-૩ના સુમારે દલિત અમરતભાઈ રમેશભાઈ ચાવડા જેને અમુલ ડેરીના કોન્ટ્રાક્ટરો માથાભારે ઈસમો એવા સવર્ણોએ જાહેરમાં કેરોશીન છાંટીને જીવતા સળગાવી મારવાની ઘટના. (૩) ખેડા જિલ્લાના ડાકોર તાલુકાના વણોતી ગામે તા. ૨૫-૬-૧૩ના રોજ સાંજે ૭-૩૦ના સુમારે ગલાભાઈ દલાભાઈ વાળાએ અજાણ્યા સ્થલેલઈ જઈ વણોતી ગામના માથાભારે દરબાર કાંતીભાઈ શાભપભાઈ પરમાર વિગેરેએ ઘાતક તીક્ષ્ણ હથિયારોથી મારી નાખીને લાશને ફેંકી દીધેલ. (૪) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના લોલીયા ગામે તા. ૧-૭-૧૩ના રોજ વહેલી સવારના ૭-૩૦ સુમારે કુદરતી હાજતે જાતા સદર ગામના પૂર્વ સરપંચ અને કોંગ્રેસના આગેવાન એવા વિજયભાઈ અમરાભાઈ ચાવડાઓ મારીને બન્ને પગ ભાંગી નાખેલ અને કોંગ્રેસના આગેવાનો એવા વિજયભાઈ અમરાભાઈ ચાવડાઓ મારીને બન્ને પગ ભાંગી નાખેલ અને પેટમાં લાકડીઓનો પ્રહાર કરી અધમુવા છોડી દીધેલ તેમને ૧૦૮ વાહનમાં દવાખાને લઈ જતાં રસ્તામાં જ મરણ થયેલ. (૫) પાટણ મુકામે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એક દલિત વિદ્યાર્થીની ઉપર થયેલ સામુહિક બળાત્કારની ઘટના આજે પણ દલિતો ભુલી શકયા નથી. કુટુંબ અને સમાજની આબરૂને કારણે ફરિયાદ પોલીસ સ્ટેશન સુધી જતી નથી. (૬) છેલ્લા ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિ ઉપર થતાં અત્યાચાર નિવારણ ધારા અન્વયે નોંધાયેલ ગુનાઓમાં નીચલી કોર્ટમાં ના સાબિત થયેલ ગુનાઓની ટકાવારી ૯૦ ટકાથી વધારે છે જેને ઉપલી કોર્ટ હાઈકોર્ટ કે સુપ્રિમકોર્ટ સુધી દલિતોને ન્યાય મળે તે પ્રકારે કાનુનીય રીતે કેસ લડવાનું આ રાજ્ય સરકાર ઈરાદાપૂર્વક ટાળે છે.

શબ્દાવલી - ૫૩૧૧



આડી ચાવી

૧. પતિ, વર (૪)
૪. દીવો, દીપક (૩)
૬. પરંતુ (૨)
૭. કૂવો, વાવ (૩)
૯. હૃદયનું ધડકવું તે, થડકારા (૪)
૧૧. બળ, સાર (૨)
૧૩. જવું તે, ... કરવું (૩)
૧૫. સાબુને અંગ્રેજીમાં કહેવાય (૨)
૧૭. જન્મદિનની ઉજવણીમાં... કપાય (૨)
૧૯. સોગન, કસમ (૨)
૨૧. હિંસક પશુ, પ્રાણી (૨)
૨૨. વટવૃક્ષ, પવિત્ર વૃક્ષ (૨)
૨૩. લાકડા કાપવાનું સાધન (૪)
૨૪. બટવો, નાનુ પાકીટ (૩)

ઊભી ચાવી

૧. બીક લાગે તેવું (૪)
૨. સાચવવા આપેલ વસ્તુ (૩)
૩. રેતનું મેદાન (૨)
૪. મહારાણા પ્રતાપનું રાજ્ય (૫)
૫. ગણેશ, ગણપતિ (૪)
૮. પાત્ર, ઠામ, બરકત (૩)
૧૦. ઓછું, આવ (૨)
૧૨. રાક્ષસોને ઉચિત હોવું તેવું (૫)
૧૪. અરમાન, શૂળ, કળતર (૩)
૧૬. ભાળ, સગડ (૨)
૧૭. નાવિક, ખેવૈયો (૩)
૧૮. લીમડો... પણ નરવો બાલુ (૩)
૨૦. જા ટળ, જા... જા જતો રહે અર્થ નો ઉદ્દગાર (૨)

શબ્દાવલી ૫૩૧૦ના જવાબ

આડી ચાવી :- (૧) પાયમાલ (૩) બખોલ (૫) બરફ (૬) શરાફત (૭) તનાવ (૯) બરકત (૧૧) મરફી (૧૨) ગરિમા (૧૩) માપ (૧૪) જહા (૧૫) કદ્દાચ (૧૬) બસ (૧૭) વિજ (૧૮) પસ્તી
ઊભી ચાવી :- (૧) પાડોશણ (૨) મારફત (૩) બરતરફી (૪) ખોફનાક (૮) વતનપરસ્તી (૯) બરકંદાજ (૧૦) પરિહાસ (૧૨) ગજબ (૧૫) કવિ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable ! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯